# રાજ્યના ખેડૂતોની ટ્રેક્ટર રેલીને ગાંધીનગરમાં ઘૂસતી અટકાવાઇ

**ઓગણજમાં** જ ખેડૂતોએ વિશાળ સભાનું આયોજન કર્યું



અમદાવાદ : ગુજરાતભરના ખેડૂતો આજે શક્તિ પ્રદર્શન કરી પોતાની વિવિધ પડતર માંગણીઓ સાથે ગાંધીનગર તરફ કૂચ કરવા માટે મોટી સંખ્યામાં ટ્રેક્ટરો લઈને રસ્તા પર ઉતર્યા હતા. જોકે પોલીસ દ્વારા ગાંધીનગર સુધી રેલીની મંજૂરી ન અપાતા ઘર્ષણ થયું હતું. ત્યારબાદ ખેડૂતોને માત્ર ઓગણજ સુધી જ જવાની મંજૂરી આપવામાં આવી હતી. પરિણામે ઓગણજ ખાતે ખેડૂતોની વિશાળ સભા યોજાઈ હતી, જેમાં સરકાર અને વીજ કંપનીઓ સામે ખેડૂતોનો ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

આજે અમદાવાદમાં સમગ્ર ગુજરાતના ખેડૂતોના સંઘર્ષ અને આક્રોશ સાથે હજારો ખેડૂતો પોતાની પડતર માંગણીઓ સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. ખેડૂત અધિકારો અને વિવિધ પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે યોજાયેલી મહારેલીમાં ખેડૂતો દ્વારા ટ્રેક્ટરો અને અન્ય વાહનોના વિશાળ કાફલા સાથે જોરદાર શક્તિપ્રદર્શન કરવામાં આવ્યું હતું.

કિસાન સંઘર્ષ સમિતિના નેજા હેઠળ યોજાયેલી આ ખેડૂત અધિકાર યાત્રામાં અમદાવાદથી ઓગણજ સુધીના વિસ્તારોમાં ખેડૂતોના સૂત્રોચ્ચારથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

મોટી સંખ્યામાં ખેડૂતો રેલીમાં જોડાતા શહેરના અનેક માર્ગો અને ખાસ કરીને હાઈવે પર ટ્રેક્ટરોની લાંબી કતારો જોવા મળી હતી. ખેડૂતોના કાફલાને કારણે કેટલાક વિસ્તારોમાં વાહન વ્યવહાર પર પણ અસર જોવા મળી હતી.

### ખેડૂતોએઆ માંગણી સાથે દેખાવ કર્યો

(1) ખેતરોમાં વીજ લાઈન, વીજ પોલ અને વીજ ટાવર ઉભા કરવા બદલ યોગ્ય વળતર મળતું નથી.
(2) પાકના પોષણક્ષમ ભાવ, MSPની કાનૂની ગેરંટી, પાક વીમાની અસરકારક અમલવારી, દેવા માફી અને મફત વીજળી.
(3) નકલી બિયારણ, ખાતરના વધતા ભાવ અને વીજ કંપનીઓની મનમાની જેવી સમસ્યા દૂર થવી જોઇએ.
(4) દેવા માફી કરવામાં આવે તેમજ પશુપાલકોને દૂધના ભાવમાં વધારો આપવામાં આવે.

### પોલીસ અને પ્રશાસન ખાનગી કંપનીઓના દલાલની જેમ વર્તે છે

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આજે કિસાન અધિકાર યાત્રામાં સંબોધન કરતા જણાવ્યું હતું કે આજે રાજ્યમાં સૌથી વધારે જો કોઈના ઉપર અન્યાય અને અત્યાચાર થઈ રહ્યો હોય તો તે ખેડૂતો છે. રાજ્યની ભાજપ સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોની આવક બમણી થશે, તેમ કહી ખેડૂતોને માટે મોટા સપના બતાવ્યા હતા. પરંતુ આજે તેમના શાસનમાં જ ખેડૂતોની હાલત દયનીય બની છે. ખેડૂતોના ખેતરમાં ખાનગી વીજ કંપનીઓ દ્વારા થાંભલાઓ ઊભા કરવામાં આવી રહ્યા છે, ત્યારે તેનું પૂરતું વળતર આપવામાં આવતું નથી. આ ખેડૂતો જ્યારે પોતાની જમીન સામે પૂરતું વળતર માંગે છે, ત્યારે સરકાર પોલીસને આગળ ધરી ખેડૂતોને ડંડા મારવાનું કામ કરે છે. આમ કરીને પોલીસ અને પ્રશાસન ખાનગી કંપનીઓના દલાલ હોય તેમ વર્તન કરી રહી છે.

### જમીન સંપાદન બાદ યોગ્ય વળતર મળતું નથી

ઓગણજ ખાતે યોજાયેલી ખેડૂત સભામાં સુરતથી આવેલા ખેડૂત પરિમલ પટેલે સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે સરકાર ખેડૂતોની સમસ્યાઓ સાંભળવા તૈયાર નથી અને ખેડૂતોની ધીરજની પરીક્ષા લઈ રહી છે. તેમણે ચેતવણી આપતાં કહ્યું કે ખેડૂતોના ખેતરોમાંથી પસાર થતી વીજ લાઈનો અને ટાવરો માટે યોગ્ય વળતર નહીં અપાય તો ખેડૂતો તેનો વિરોધ કરશે અને પોતાના ખેતરમાંથી આવી લાઈનો પસાર થવા દેશે નહીં. ખેડૂત આગેવાન પાલ આંબલિયાએ પણ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતુ કે રાજ્યનો "જગતનો તાત" પોતાના હકો માટે રસ્તા પર ઉતર્યો છે અને હવે સરકાર ખેડૂતોની વાજબી માંગણીઓ સ્વીકારે તેવી અપેક્ષા છે. ખેડૂતો શાંતિપૂર્ણ રીતે પોતાની માંગણીઓ રજૂ કરી રહ્યા છે, પરંતુ લાંબા સમયથી પ્રશ્નોનો ઉકેલ ન આવતા હવે તેઓ વધુ મક્કમ બન્યા છે. આ દરમિયાન બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર પણ ખેડૂતોને ટેકો આપવા માટે આંદોલનમાં જોડાયા હતા. તેમણે જણાવ્યું હત કે જો ખેડૂતોના પ્રશ્નો પ્રત્યે ગંભીરતા દાખવવામાં નહીં આવે તો પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. ખેડૂતોને કંપનીઓ સામે રક્ષણ અને તેમના પાકનું યોગ્ય વળતર મળવું જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

# NEET-UG 2026ની પરીક્ષામાં 15 મિનિટ વધારાનો સમય મળશે

**NTAએ** નવા એડમિટ કાર્ડ જાહેર કર્યાં

**જૂનાં** એડમિટ કાર્ડ અમાન્ય, 21 જૂને બપોરે 2થી 5.15 સુધી પરીક્ષા

સુરતઃ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ 21 જૂને યોજાનારી NEET-UG 2026 પરીક્ષા માટે વિદ્યાર્થીઓને મોટી રાહત આપતા પરીક્ષાનો સમયગાળો 15 મિનિટ વધારવાનો નિર્ણય કર્યો છે. પ્રશ્નપત્ર વાંચવા, એડમિટ કાર્ડ પર સહી કરવા સહિતની ઔપચારિક પ્રક્રિયાઓ માટે હવે વિદ્યાર્થીઓને વધારાનો સમય મળશે.

NTA દ્વારા રવિવારે મોડી સાંજે પરીક્ષાના નવા એડમિટ કાર્ડ જાહેર કરવામાં આવ્યા હતા. એજન્સીએ સ્પષ્ટ કર્યું છે કે તમામ ઉમેદવારોએ નવા એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવા ફરજિયાત રહેશે. કારણ કે, અગાઉના એડમિટ કાર્ડ માન્ય ગણાશે નહીં.

અગાઉ NEET-UG માટે 180 મિનિટનો સમય ફાળવવામાં આવતો હતો, પરંતુ નવા નિર્ણય અનુસાર વિદ્યાર્થીઓને કુલ 195 મિનિટનો સમય મળશે. પરિણામે પરીક્ષા બપોરે 2 વાગ્યે શરૂ થઈ સાંજે 5.15 વાગ્યે પૂર્ણ થશે. NTAએ ઉમેદવારોને એડમિટ કાર્ડ ડાઉનલોડ કરતા પહેલાં ફી રિફંડ સંબંધિત બેંકની વિગતો પણ ચકાસી લેવા સૂચના આપી છે.

વિદ્યાર્થીઓ NTAની સત્તાવાર વેબસાઈટ પરથી પોતાના એડમિટ કાર્ડ મેળવી શકશે. પરીક્ષા પૂર્વે કરાયેલા આ ફેરફારથી વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર સમજવા અને જરૂરી ઔપચારિકતાઓ નિભાવવામાં વધુ સરળતા રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# CA ફાઈનલનું રિઝલ્ટ 18 જૂને જાહેર કરવામાં આવશે

**પરિણામ** જાહેર કરવાની ICAIની તૈયારી પૂર્ણ, સાંજે ઓનલાઈન ઉપલબ્ધ થશે રિઝલ્ટ

સુરતઃ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) બનવાનું સ્વપ્ન જોતા હજારો વિદ્યાર્થીઓ માટે 18 જૂનનો દિવસ નિર્ણાયક સાબિત થવાનો છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા મે મહિનામાં યોજાયેલી CA ફાઈનલ પરીક્ષાનું પરિણામ 18 જૂને સાંજે જાહેર કરવામાં આવશે.

આ વર્ષે CA ફાઈનલની ગ્રુપ-1ની પરીક્ષાઓ 2, 4 અને 6 મેના રોજ જ્યારે ગ્રુપ-2ની પરીક્ષાઓ 8, 10 અને 12 મેના રોજ લેવામાં આવી હતી. પરીક્ષા પૂર્ણ થયાના આશરે એક મહિનામાં જ પરિણામ જાહેર થવા જઈ રહ્યું હોવાથી વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા અને આતુરતા બંને વધી ગઈ છે. વિદ્યાર્થીઓ ICAIની સત્તાવાર વેબસાઈટ પરથી પોતાનું પરિણામ મેળવી શકશે.

પરિણામ જાહેર થતાં જ દેશભરના ઉમેદવારોની નજર મેરિટ લિસ્ટ અને પાસિંગ ટકાવારી પર રહેશે. ઉલ્લેખનીય છે કે અગાઉ CA ફાઈનલના પરિણામ જાહેર કરવામાં લગભગ બે મહિનાનો સમય લાગતો હતો.

જોકે છેલ્લા કેટલાક વર્ષોથી ICAI દ્વારા મૂલ્યાંકન અને પરિણામ પ્રક્રિયાને ઝડપી બનાવતાં હવે 30થી 40 દિવસમાં જ પરિણામ જાહેર થઈ રહ્યું છે, જે વિદ્યાર્થીઓ માટે રાહતરૂપ બન્યું છે.

જોકે હાલ ICAI દ્વારા માત્ર CA ફાઈનલના પરિણામની તારીખ જાહેર કરવામાં આવી છે. CA ફાઉન્ડેશન અને CA ઈન્ટરમિડીયેટના પરિણામ અંગે હજુ કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. તેથી આ બંને પરીક્ષાના ઉમેદવારોને હજુ થોડી વધુ રાહ જોવી પડશે.

## હવે 19 AI કેમેરા નક્કી કરશે તમારું ડ્રાઇવિંગ લાઇસન્સ

# સુરત RTOમાં AI બેઝ્ડ ડ્રાઈવિંગ ટેસ્ટના પહેલાં દિવસે 3 જ પાસ

**પહેલા** જ દિવસે કાર ટેસ્ટ આપનારા 20 ચાલકોમાંથી 17 ફેલ, ટુવ્હીલર માટે બે ટેસ્ટ ટ્રેક શરૂ કરાયા

આ ઘટનાનો વિડિયો જોવામાં QR કોર્ડ સ્કેન કરો

સુરત : સુરત શહેરમાં હવે ડ્રાઇવિંગ લાયસન્સ મેળવવું વધુ સચોટ અને પારદર્શક બન્યું છે. સુરત RTO ખાતે આજે તા. 15 જૂનથી સત્તાવાર રીતે AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ડ્રીવન ટેસ્ટ ટ્રેકનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. ટ્રેકના પ્રથમ દિવસે બપોરે 4 વાગ્યાથી ડ્રાઇવિંગ ટેસ્ટ શરૂ કરવામાં આવી હતી, જેમાં વાહનચાલકોની કસોટી થઈ હતી. પહેલા જ દિવસે કાર (ફોર-વ્હીલર) માટે 20 અને ટુ-વ્હીલર માટે 26 વાહનચાલકોએ ટેસ્ટ આપી હતી. જોકે, AI સિસ્ટમ એટલી સચોટ છે કે 20 કારચાલકોમાંથી માત્ર 3 જ ચાલક આ ટેસ્ટ સફળતાપૂર્વક પાસ કરી શક્યો હતો, જ્યારે બાકીના 17 ચાલકો ફેઈલ સાબિત થયા હતા. પાસનો રેશિયો 15 ટકા રહ્યો હતો. આ સાથે ટુવ્હીલર ચાલકો માટે બે ટેસ્ટ ટ્રેક શરૂ થયા છે. આ બંને ટ્રેક પર પણ એઆઈ કેમેરા લગાવાયા છે. પહેલાં દિવસે 18 ટુવ્હીલર વાહનચાલકોએ ટેસ્ટ આપી હતી તે પૈકી 15 એટલે કે 83.33 ટકા ટુવ્હીલર ચાલકો પાસ થયા હતા.

### RTO કર્મચારીઓની મેન્યુઅલ દખલગીરી બંધ

આ નવી સિસ્ટમ લાગુ થવાની સાથે જ હવે RTO કર્મચારીઓ દ્વારા કરવામાં આવતું મેન્યુઅલ મોનિટરિંગ સંપૂર્ણપણે બંધ કરી દેવાયું છે. ટ્રેક પર અલગ-અલગ જગ્યાએ કુલ 19 હાઈટેક AI કેમેરા લગાવવામાં આવ્યા છે, જે વાહનચાલકની દરેક નાની-મોટી મૂવમેન્ટને સતત ટ્રેક કરે છે. આ કેમેરા અને સેન્સર્સ એટલા એક્યુરેટ છે કે સેન્ટીમીટર જેટલી ભૂલ પણ પકડી પાડે છે. ટ્રેક પર જ ખાસ સ્ક્રીન લગાવવામાં આવ્યા છે, જે વાહનચાલકોને ટેસ્ટ દરમિયાન જરૂરી ડિજિટલ સૂચનાઓ આપે છે. હવે માત્ર કમ્પ્યુટર અને કેમેરા જ નક્કી કરશે કે અરજદાર પાસ છે કે ફેઈલ.

### લાઇસન્સ મેળવવા માટેના '6 સ્માર્ટ સ્ટેજ'

» ઓનલાઇન એપોઈન્ટમેન્ટ બુક કરવી.
» કચેરી ખાતે ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવું.
» વાહન ટ્રેકિંગ માટે 'RFID' ટેગ કલેક્ટ કરવો.
» 10થી 15મિનિટનું ફરજિયાત વીડિયો ટુટોરિયલ જોવું.
» AI કેમેરાની દેખરેખ હેઠળ ડ્રાઇવિંગ ટેસ્ટ આપવી.
» ટેસ્ટ પૂરી થતાં જ મોબાઈલ પર તાત્કાલિક રિઝલ્ટ મેળવવું.

વીડિયો ટ્રેનિંગ વિના ટેસ્ટ આપવા જશો તો કમ્પ્યુટર રોકી દેશે! નવી સિસ્ટમમાં વીડિયો ટુટોરિયલ જોવું ફરજિયાત કરવામાં આવ્યું છે. એપોઈન્ટમેન્ટ બાદ અરજદારને RFID ટેગ મળશે, જે વાહનને ટ્રેક કરશે. ત્યારબાદ ઓફિસમાં રાખેલા મોનિટર પર 10થી 15 મિનિટ સુધી ટેસ્ટ કઈ રીતે આપવી તેનો લાઈવ વીડિયો જોવાનો રહેશે. આ ટ્રેનિંગ લીધા વિના ટ્રેક પર એન્ટ્રી નહીં મળે. પહેલા જ દિવસે એક ટુ-વ્હીલર ચાલક વીડિયો જોયા વિના સીધો ટ્રેક પર પહોંચી ગયો હતો, ત્યારે ડિજિટલ સ્ક્રીન પર તુરંત લખાણ આવી ગયું કે "વાહનચાલકે વીડિયો ટ્રેનિંગ લીધી નથી." પરિણામે તેને તરત જ ટ્રેક પરથી પાછો ટ્રેનિંગ રૂમમાં મોકલવામાં આવ્યો હતો.

### ભૂલ પડતાં જ ટ્રેકમાંથી બહાર અને મોબાઈલ પર ત્વરિત રિઝલ્ટ

AI ટ્રેકની સૌથી મોટી ખાસિયત એ છે કે તેનાથી રિઝલ્ટની એક્યુરેસી વધી ગઈ છે, જેના કારણે ડ્રાઇવિંગ ટેસ્ટ અગાઉ કરતાં વધુ અઘરી બની છે. જો વાહનચાલક ટેસ્ટના કોઈ પણ એક સ્ટેજ કે વળાંક પર ભૂલ કરશે અને ફેલ થશે, તો તેને આગળની ટેસ્ટ આપવા દેવામાં આવશે નહીં. જે-તે ટેસ્ટની સામે જ રાખેલા ડિજિટલ સ્ક્રીન પર 'ફેઈલ' લખાઈને આવી જશે અને અરજદારે બાકીની ટેસ્ટ આપ્યા વિના ત્યાંથી જ બહાર નીકળી જવું પડશે. જોકે, આ સિસ્ટમનો સૌથી મોટો ફાયદો એ છે કે ટેસ્ટ પૂરી કરીને ટ્રેકની બહાર નીકળતાની સાથે જ વાહનચાલકના મોબાઈલ પર પાસ કે ફેઈલનો મેસેજ આવી જાય છે. અગાઉની જેમ આરટીઓ કર્મચારીઓને પૂછવા જવા માટે લાઈનમાં ઊભા રહેવું પડશે નહીં.

### વાહનચાલક અને RTO ઓફિસરે શું કહ્યું?

પહેલાં દિવસે એઆઈ ડ્રાઈવિંગ ટેસ્ટ પાસ કરનાર એક માત્ર ફોર વ્હીલ ચાલક હંસરાજ ત્રિવેદીએ કહ્યું કે, ટેસ્ટ આપતા પહેલાં RTO દ્વારા જે વીડિયો ટ્રેનિંગ આપવામાં આવે છે તે ખૂબ જ મદદરૂપ છે. આરટીઓ કર્મચારીઓ પણ પૂરતી સમજણ આપે છે, જેના કારણે મનમાંથી બધો ડર નીકળી ગયો હતો. મેં નિયમોનું પાલન કર્યું અને ખૂબ જ સરળતાથી ટેસ્ટ પાસ કરી લીધી. આરટીઓ ઓફિસર એચ. એમ. પટેલે કહ્યું કે, આજથી સુરત RTO ખાતે AI ડ્રીવન ટેસ્ટ શરૂ થઈ છે. અરજદારોને માર્ગદર્શન આપતો વીડિયો બતાવ્યા બાદ જ ટ્રેક પર મોકલવામાં આવે છે. જો વાહનચાલક ઉતાવળ કર્યા વગર ફોર-ટ્રેક પર તમામ ટ્રાફિક નિયમો અને વળાંકોનું ધ્યાન રાખીને શાંતિથી વાહન ચલાવશે, તો ટેસ્ટ આસાનીથી પાસ કરી શકાશે. ટેસ્ટ પૂરી થતાં જ અરજદારને પૂછવા જવું નથી પડતું, સીધો મોબાઈલ પર જ મેસેજ આવી જાય છે.

## છાપરાભાઠામાં ઘરકંકાસમાં મહિલાએ ઝેર પી લીધું

સુરતઃ છાપરાભાઠામાં ઘરકંકાસમાં મહિલાએ ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગરના ઉમરાળા તાલુકાના વતની ભરતભાઈ ભુવા હાલમાં છાપરાભાઠા બોમ્બે કોલોનીની પાસે આવેલી દેવદીપ સોસાયટીમાં પત્ની મધુબેન (ઉં.વ.33) તેમજ ત્રણ સંતાન સાથે રહે છે. ભરતભાઈનો પરિવાર પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. રવિવારે સવારે ભરતભાઈની પત્ની મધુબેને ઘરમાં ઝેર પી લીધું હતું. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ મધુબેનનું મોત થયું હતું. મધુબેને ઘરકંકાસમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાંક સમયથી સુરતમાં આત્મહત્યાની ઘટનાઓ ગંભીર રીતે વધી રહી છે. સામાન્ય બાબતમાં લોકો આપઘાત કરી રહ્યાં છે. સુરતની વાત કરીએ તો રોજે રોજ સરેરાશ આત્મહત્યાની 6 જેટલી ઘટના બને છે. અને તે દરેક એજ ગ્રુપમાં બની રહી છે.

### અઠવાલાઈન્સ ચોપાટીના નદી કિનારે હવસખોરીનો ખેલ ખેલાયો

# સગીરાને શાળાએ મૂકવાના બહાને જોગિંગ ટ્રેક પર લઈ જઈ દુષ્કર્મ

**પ્રેમજાળમાં** ફસાવી ૧૫ વર્ષની માસૂમ કિશોરી પર બળાત્કાર ગુજારનાર નરાધમ સલાબતપુરા પોલીસના સકંજામાં

સુરતઃ સલાબતપુરા વિસ્તારમાં રહેતી એક સગીર વયની વિદ્યાર્થિનીને પ્રેમજાળમાં ફસાવી, શાળાએ મૂકી જવાની લાલચ આપી તાપી નદીના કિનારે આવેલા જોગિંગ ટ્રેક પર લઈ જઈ હવસનો શિકાર બનાવવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે પીડિત કિશોરીના પરિવારે હિંમત દાખવીને પોલીસ મથકના દ્વાર ખખડાવતા સલાબતપુરા પોલીસે ગણતરીના કલાકોમાં જ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નરાધમ રીઝવાન શેખની ધરપકડ કરી છે.

રુસ્તમપુરા વિસ્તારમાં આવેલા એકબરસઈદના ટેકરા પાસે રહેતો રીઝવાન ઈકબાલ શેખ નામનો શખ્સ ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો છે. આ નરાધમે પોતાના જ વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષ અને ૮ માસની માસૂમ કિશોરીને પ્રેમજાળમાં ફસાવી હતી. આશરે બે-અઢી મહિના પહેલાં, જ્યારે કિશોરી શાળાએ જવા નીકળી હતી ત્યારે રીઝવાને તેને રસ્તામાં આંતરી હતી. તેણે કિશોરીને પોતાની મોપેડ પર શાળાએ ડ્રોપ કરી દેવાનું બહાનું બતાવી વિશ્વાસમાં લીધી હતી. જોકે, સ્કૂલે લઈ જવાને બદલે આ હવસખોર તેને અઠવાલાઈન્સ ચોપાટીની પાછળ તાપી નદીના કિનારે આવેલા સુમસામ જોગિંગ ટ્રેક પર લઈ ગયો હતો. ત્યાં આ માસૂમ કિશોરીની લાચારીનો ફાયદો ઉઠાવી નરાધમ રીઝવાને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો અને મોં ખોલશે તો ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપી હતી. ડરી ગયેલી કિશોરીએ આખરે હિંમત ભેગી કરી સમગ્ર આપવીતી પોતાના પરિવારજનોને જણાવી હતી. આ સાંભળીને પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પરિવારે તાત્કાલિક સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં નરાધમ સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. સગીરા પર દુષ્કર્મના ગંભીર મામલાને પગલે પોલીસે ગુનો નોંધી સઘન તપાસ શરૂ કરી હતી અને ગણતરીના કલાકોમાં જ આરોપી રીઝવાન ઈકબાલ શેખને દબોચી લીધો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે ઝડપાયેલો આરોપી રીઝવાન રીઢો ગુનેગાર છે અને અગાઉ તેની સામે એનડીપીએસ (માદક પદાર્થોની હેરાફેરી)નો ગંભીર ગુનો પણ નોંધાઈ ચૂક્યો છે.

# સુરત APMCના નવા પ્રમુખની જાહેરાત 17મીએ

**ભાજપ** મોવડી મંડળ મેન્ડેટ આપશે, ૧૭મી બાદ ઉપપ્રમુખની વરણી કરાશે

**વર્તમાન** પ્રમુખ અને ચોર્યાસી ધારાસભ્ય સંદીપ દેસાઈ રેસમાંથી સ્વેચ્છાએ બહાર રહે તેવી પ્રબળ શક્યતા

સુરત : રાજ્યની સૌથી સમૃદ્ધ બજાર સમિતિઓમાંની એક સુરત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC સુરત)ના નવા પ્રમુખની વરણી આગામી 17મી જૂને થનારી છે. અઢી વર્ષની પ્રથમ ટર્મ પૂર્ણ થતાં હવે બીજી અઢી વર્ષની ટર્મ માટે નવા પ્રમુખની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી મુજબ, 17મી જૂને સવારે 11 વાગ્યે સુરત APMC ખાતે પ્રમુખપદની વરણી માટેની સત્તાવાર પ્રક્રિયા યોજાશે. સુરત જિલ્લા ભાજપ તેમજ પ્રદેશ ભાજપના મોવડી મંડળ દ્વારા ઉમેદવાર માટે મેન્ડેટ જાહેર કરવામાં આવશે. પક્ષના આદેશ બાદ નવા પ્રમુખના નામ પર અંતિમ મહોર મારવામાં આવશે. ઉપપ્રમુખની વરણી 17મી જૂને નહીં થાય, પરંતુ ત્યારબાદ અલગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે.

સુરત APMC માત્ર સુરત નહીં દક્ષિણ ગુજરાત માટે કૃષિ વેપારનું મહત્વપૂર્ણ આર્થિક કેન્દ્ર માનવામાં આવે છે. અંદાજે 4,000 કરોડ રૂપિયાના વાર્ષિક ટર્નઓવર સાથે આ બજાર સમિતિ રાજ્યની સૌથી વધુ આવક ધરાવતી સંસ્થાઓમાં સ્થાન ધરાવે છે. આવકની દ્રષ્ટિએ સતત ત્રણ વર્ષથી સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે રહીને સુરત APMCએ આગવું સ્થાન જાળવી રાખ્યું છે.

આ દરમિયાન વર્તમાન પ્રમુખ તથા ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈ પ્રમુખપદની રેસમાંથી સ્વેચ્છાએ બહાર રહે તેવી ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં જોર પકડી રહી છે.

# સુમુલ ડેરીની ચૂંટણીનો મામલો કમલમ પહોંચ્યો

**રાજુ** પાઠક જૂથે માનસિંહ પટેલ વિરુદ્ધ વ્યારા અને મહુવા સુગરનાં પ્રકરણો રજૂ કર્યાં, તો માનસિંહ જૂથે પાઠક જૂથ સામે સુમુલના 1000 કરોડના પ્રોજેક્ટમાં કલમ-86ની તપાસનો મુદ્દો ઉઠાવ્યો

સુરતઃ સુરત અને તાપી જિલ્લાના 2.50 લાખ પશુપાલકો માટે જીવાદોરી સામાન સુમુલ ડેરીની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. ઉમેદવારી પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં જ સમગ્ર મામલો ગાંધીનગર સ્થિત કમલમ સુધી પહોંચતાં ચૂંટણી જંગ વધુ રસપ્રદ બન્યો છે. સુમુલના વર્તમાન ચેરમેન માનસિંહ પટેલ અને વાઈસ ચેરમેન રાજુ પાઠક જૂથોને ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ પંચાલ (વિશ્વકર્મા)એ કમલમ ખાતે બોલાવી ચર્ચા કરી હોવાનું જાણવા મળે છે. કોંગ્રેસના તમામ ઉમેદવારો સામે ભાજપના ઉમેદવારો ઊભા કરવા પણ પ્રદેશ પ્રમુખે સ્પષ્ટ આદેશ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ માનસિંહ પટેલ અને રાજુ પાઠક પોતાના 4 સમર્થક ડિરેક્ટરો સાથે કમલમ પહોંચ્યા હતા. બેઠક દરમિયાન પ્રદેશ ભાજપ દ્વારા નિરીક્ષકની નિમણૂક કરવામાં આવશે અને તેમની સમક્ષ તમામ દાવેદારો પોતાની દાવેદારી રજૂ કરી શકશે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. ચૂંટણી પૂર્વે સૌથી વધુ ચર્ચાનો વિષય 'નો રિપીટેશન'નો બની રહ્યો છે. બેઠક બાદ એવી અટકળો વહેતી થઈ છે કે અમૂલ પેટર્ન મુજબ પ્રમુખ અને ઉપપ્રમુખ પદે રિપિટેશન નહીં થાય. સાથે જ આશરે 90 ટકા વર્તમાન ડિરેક્ટરોને ફરી તક અપાશે કે નહીં તે મુદ્દે પણ અનિશ્ચિતતા ઊભી થતાં અનેક દિગ્ગજોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

રાજુ પાઠક જૂથે પ્રદેશ ભાજપ પ્રમુખ સમક્ષ મહુવા સુગરના અંદાજે 10 કરોડ રૂપિયાના મોલાસિસ પ્રકરણ તથા વ્યારા સુગર ફરી નાદારી તરફ ધકેલાઈ રહી હોવાના મુદ્દાઓ રજૂ કરી માનસિંહ પટેલ સામે સવાલો ઉઠાવ્યા હોવાની ચર્ચા છે. બીજી તરફ માનસિંહ પટેલે વર્ષ-2015થી 2020 દરમિયાન રાજુ પાઠકના ચેરમેન પદના કાર્યકાળ દરમિયાન હાથ ધરાયેલા અંદાજે 1000 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સના નિર્ણયો અંગે ચાલી રહેલી કલમ-86 હેઠળની તપાસનો રિપોર્ટ સરકારમાં પેન્ડિંગ હોવાનો મુદ્દો ઉઠાવી સ્વચ્છ છબી ધરાવતા આગેવાનોને પ્રોત્સાહન આપવા રજૂઆત કરી હોવાનું કહેવાય છે.

ચૂંટણી પૂર્વે રાજુ પાઠક જૂથ અને જયેશ પટેલ (દેલાડ) જૂથ વચ્ચે ગઠબંધનની ચર્ચા પણ રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ 16 બેઠકમાંથી 5થી 6 બેઠક જયેશ દેલાડના સમર્થકોને ફાળવવા અંગે ચર્ચાઓ ચાલી રહી છે. આ સમીકરણને અંતિમ સ્વરૂપ આપવા જયેશ દેલાડ, નરેશ પટેલ સાથે સતત સંપર્કમાં હોવાનું પણ કહેવાય છે. આ રીતે ભાજપની આંતરિક ગોઠવણો, કોંગ્રેસની સંભવિત એન્ટ્રી અને વિવિધ જૂથો વચ્ચેના ગઠબંધનના પ્રયાસોને કારણે સુમુલ ડેરીની ચૂંટણી હવે માત્ર સહકારી સંસ્થાની ચૂંટણી નહીં પરંતુ દક્ષિણ ગુજરાતના રાજકીય શક્તિપ્રદર્શનનું કેન્દ્રબિંદુ બની રહી છે.

### કોંગ્રેસની પણ પેનલ મેદાનમાં ઊતરવાની તૈયારી, પણ તુષાર ચૌધરીએ બોલાવેલી બેઠકમાં ત્રણેય ડિરેક્ટર ગેરહાજર

સુમુલની ચૂંટણીમાં કોંગ્રેસ પણ સક્રિય બને તેવા સંકેતો મળી રહ્યા છે. તાપી જિલ્લાની 7માંથી 6 બેઠક તથા સુરત જિલ્લાની 9માંથી 5 બેઠકો પર કોંગ્રેસ ઉમેદવાર ઉતારે તેવી ચર્ચા છે. વિધાનસભામાં વિપક્ષના નેતા ડો.તુષાર ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ મુદ્દે ચર્ચા થઈ હોવાનું જાણવા મળે છે. જો કે, સુમુલના કોંગ્રેસી ડિરેક્ટરો સુનીલ ગામીત, ભરત પટેલ અને સિદ્ધાર્થ ચૌધરી બેઠકથી દૂર રહ્યા હતા. આ ત્રણેય રાજુ પાઠક જૂથ સાથે જોડાઈ શકે તેવી રાજકીય અટકળો પણ જોર પકડી રહી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ઔદ્યોગિક એકમોને...

ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આ નીતિની જાહેરાત કરી હતી.

રાજ્યના ચીફ સેક્રેટરી મનોજકુમાર દાસ તથા ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્માએ જણાવ્યા અનુસાર, રાજ્યની અર્થવ્યવસ્થા છેલ્લા 22 વર્ષમાં આશરે 20 ગણી વધી છે. વર્ષ 2002-03માં 15.73 અબજ ડોલર રહેલું ગુજરાતનું GDP 2024-25માં વધીને 329.70 અબજ ડોલર સુધી પહોંચ્યું છે. હવે આગામી તબક્કામાં રાજ્ય ઉચ્ચ મૂલ્યવર્ધનવાળા ઉત્પાદન, ટેક્નોલોજી અને નિકાસ આધારિત વૃદ્ધિ તરફ આગળ વધશે. આગામી પાંચ વર્ષ દરમિયાન રાજયમાં 10 લાખ કરોડનું મૂડીરોકાણ આકર્ષવાનો અંદાજ છે. તેની સામે સરકારે અઢી લાખ કરોડના પ્રોત્સાહનો - રાહતની ઓફર કરી છે.

### વિકાસની ગતિ...

રીતે પહોંચે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે રાજયમાં ઉદ્યોગોનો વિકાસ થાય, રોજગારીની નવી તકો ઊભી થાય, વધુ રોકાણ આવે અને સાથે પર્યાવરણનું સંરક્ષણ પણ સુનિશ્ચિત થાય તેવા સંતુલિત વિકાસ મોડેલને આ નીતિમાં કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યો છે.

### 15થી 45...

ટકા નિકાસ સાથે દેશના ઔદ્યોગિક વિકાસનું એન્જિન બની ગયું છે. દેશની સૌથી વધુ એમએસએમઈ એકમો ધરાવતા ગુજરાતની આ સફળતા પાછળ ઉદ્યોગસાહસિકોની મહેનત અને સરકારની વિકાસલક્ષી, રોકાણકારમૈત્રી નીતિઓનો મહત્વનો ફાળો રહેલો છે.

### પ્રોજેક્ટના બે...

રહેલા બે મોટા પાલિયા પ્રોજેક્ટ્સની 'દુઆ સેરેમની'નાં ઈન્વિટેશન કાર્ડ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં અનેક શંકા-કુશંકાઓ જન્મી છે. આગામી 23 જૂન, રવિવારે સવારે 10 વાગ્યે યોજાનારી આ સેરેમનીનાં બંને કાર્ડની ડિઝાઈન, લેઆઉટ અને ફોર્મેટ બિલકુલ એકસરખાં છે.

એક કાર્ડમાં નિમંત્રક તરીકે શૈલેષભાઈ બગદાણા અને સંજયભાઈ લાખાણીનાં નામ છે, જ્યારે બીજા કાર્ડમાં નદીમ રિફાઈ અને અશફાક રિફાઈનાં નામ ચમકી રહ્યાં છે. કાર્ડની એક સરખી ડિઝાઈન એ વાતની સાક્ષી પૂરે છે કે આ ડિમોલિશન પાછળ કોઈ મોટો બિલ્ડર લોબીનો કારસો છે.

### 16 દિવસમાં...

કાર્યક્રમોમાં હાજરી આપી હતી પરંતુ નાસીરનગરના ડિમોલિશનથી બેઘર બનેલા પરિવારોને મળવા અથવા તેમની સમસ્યાઓ જાણવા માટે તેઓ હજુ સુધી સ્થળ મુલાકાતે પહોંચ્યા નથી, મેયર માયા માવાણીએ મીડિયા સમક્ષ મોટું આશ્વાસન આપ્યું હતું કે, તેઓ આ નાસીરનગરના બેઘર બનેલા લોકોને રહેવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપશે, પરંતુ આ આશ્વાસન માત્ર રાજકીય સ્ટંટ સાબિત થયું છે. આજે ત્રણ દિવસ પૂરા થઈ ગયા હોવા છતાં સુરત મહાનગરપાલિકા દ્વારા આ પરિવારો માટે રહેવાની, ખાવા-પીવાની કે શૌચાલય જેવી પ્રાથમિક સુવિધા પણ ઊભી કરવામાં આવી નથી.

### 15 ઓક્ટોબર...

સમિતિ સમક્ષ આ કેસ સંબંધિત આઠ મહત્ત્વપૂર્ણ ટેક્નિકલ મુદ્દાઓ પણ રજૂ કર્યા હોવાનું જણાવ્યું છે. અસલમ સાયકલવાલાના જણાવ્યા મુજબ નાસીરનગરના રહીશોને અગાઉથી આશંકા હતી કે તેમની વસાહતની બાજુમાં ચાલી રહેલા મોટા કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટના હિતમાં સરકારી તંત્રનો ઉપયોગ કરીને વસાહતને હટાવવાનો પ્રયાસ થઈ શકે છે. આ ભીતિના કારણે વસાહતના પ્રતિનિધિઓએ તા.15 ઓક્ટોબર-2025ના રોજ મ્યુનિસિપલ કમિશનર તથા નોર્થ ઝોનના કાર્યપાલક ઇજનેરને લેખિત રજૂઆત કરીને સુરક્ષા અને ન્યાયની માંગ કરી હતી. જો કે, આ રજૂઆતને તંત્રએ ગંભીરતાથી લીધી નહીં અને બિલ્ડરના દબાણ હેઠળ જાણીજોઈને દબાવી દેવામાં આવી હોવાનો સાયકલવાલાએ આક્ષેપ કર્યો છે.

### દુબઈથી સુરત...

આવી નહોતી અને જપ્ત કરાયેલ સોનો બિનવારસી હાલતમાં મળ્યો હોવાથી કસ્ટમ્સ વિભાગે કસ્ટમ્સ એક્ટ, 1962ની જોગવાઈઓ હેઠળ સમગ્ર જથ્થો જપ્ત કરી લીધો છે.

સુરત એરપોર્ટ પર છેલ્લા કેટલાક સમયથી દુબઈ સહિત ગલ્ફ દેશોમાંથી આવતી ફ્લાઇટોમાં સોનાની દાણચોરીના અનેક પ્રયાસો ઝડપાઈ રહ્યા છે. દાણચોરો હવે સોનું છુપાવવા માટે નવી-નવી તરકીબો અપનાવી રહ્યા છે, ત્યારે કસ્ટમ્સ અને એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા સતત સતર્કતા રાખવામાં આવી રહી છે.અધિકારીઓનું માનવું છે કે સોનાની દાણચોરીની આ પદ્ધતિ પાછળ સંગઠિત રેકેટ સંડોવાયેલું હોઈ શકે છે. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### RE-NEET...

ની સંડોવણી સામે આવતા ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ તપાસમાં એવી ચોંકાવનારી વિગતો સામે આવી હતી કે આરોપીઓ વિવિધ ટેલિગ્રામ ચેનલો અને આઈ.ડી. બનાવી પરીક્ષા સંબંધિત ખોટી અને લાલચજનક માહિતી ફેલાવતા હતા. તેઓ ઓનલાઈન પેમેન્ટ પ્લેટફોર્મ, QR કોડ અને બેંક ખાતાઓ મારફતે રકમ વસૂલતા હતા. વધુમાં વિવિધ થર્ડ પાર્ટી સર્વિસ અને એપ્લિકેશનની મદદથી ટેલિગ્રામ ચેનલોમાં કૃત્રિમ રીતે સભ્યો અને પ્રીમિયમ સભ્યોની સંખ્યા વધારવામાં આવતી હતી. આરોપીઓ પાસેથી NEET અથવા અન્ય કોઈ પરીક્ષાનું પ્રશ્નપત્ર કે અભ્યાસસામગ્રી મળી આવી નથી. તેઓ માત્ર પ્રશ્નપત્ર ઉપલબ્ધ હોવાનો ખોટો દાવો કરીને લોકોને છેતરતા હતા.

ક્રાઈમ બ્રાંચના સંયુક્ત પોલીસ કમિશનર શરદ સિંઘલએ જણાવ્યું હતુ કે આરોપીઓ "Trade With Karol" અને "PANKAJ BHARDWAJ" નામની ટેલિગ્રામ ચેનલ અને ગ્રુપ મારફતે ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં પણ સંડોવાયેલા હતા. તેમના 6 બેંક ખાતાઓ સામે દેશના વિવિધ રાજ્યોમાંથી કુલ 12 ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે.

ફ્રોડથી મેળવેલી રકમને છુપાવવા માટે આરોપીઓ ગેમિંગ વેબસાઈટમાં ઉપયોગમાં લેવાતા બેંક ખાતાઓમાં નાણાં જમા કરાવતા હતા. ત્યારબાદ તે રકમ અલગ-અલગ વ્યક્તિઓના ખાતાઓમાં ટ્રાન્સફર કરીને ઉપાડી લેવામાં આવતી હતી. આરોપીઓ પોતાના સાથીદારો અને અન્ય વ્યક્તિઓના બેંક ખાતાઓનો ઉપયોગ કરીને આ રકમનો વ્યક્તિગત લાભ માટે ઉપયોગ કરતા હતા.

છેલ્લા એક મહિનામાં આશરે 1,000 જેટલા મોબાઈલ નંબર અને ટેલિગ્રામ ચેનલો સાથે સંપર્ક કરવામાં આવ્યો હતો. ઉપરાંત આરોપીઓ દ્વારા બનાવવામાં આવેલી 44 જેટલી વેબસાઈટનો ઉપયોગ ગેમિંગ, બેટિંગ, સટ્ટાબાજી અને સાયબર ફ્રોડ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં થતો હોવાનું પણ સામે આવ્યું છે.